## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

રાજકોટ

# પદવીદાનસમારંભ

રવિવાર, ૨૦મી નવેમ્બર, ૧૯૮૮

## દીક્ષાન્ત-પ્રવચન


વ્યાખ્યાતા :

ડૉ. પી. સી. વૈદ્ય

May your paths be smooth

# શુભાસ્તે પન્થાન:

—પ્ર. ચુ. વૈદ્ય

૧

આજે પદવી પ્રાપ્ત કરનાર યુવક-યુવતીઓને અભિનંદન આપીને મારી વાતની શરૂઆત કરું. તમે બધાએ યુનિવર્સિટી શિક્ષણનો એક તબક્કો પૂરો કર્યો છે અને તમારામાંના ઘણાએ તો શિક્ષણનો અંતિમ તબક્કો પૂરો કર્યો હશે. હવે પછી શું? સ્નાતક થયા પછી શું? અનુસ્નાતક થયા પછી શું? પીએચ.ડી થયા પછી શું? "પછી શું? પછી શું?"ના પ્રશ્નોની હારમાળા આ યુનિવર્સિટીના પદવીધારીઓને સતાવે છે એવું નથી, દેશની કોઈ પણ યુનિવર્સિટીના સ્નાતકોને પણ તેનો અનુભવ થાય છે. અરે! દુનિયાભરની સઘળી યુનિવર્સિટીના સ્નાતકો સામે દીક્ષાન્તે આ પ્રશ્ન ઊભો થાય છે. કદાચ એટલે જ આપણે જેને દીક્ષાન્તસમારોહ કે પદવીદાનસમારંભ કહીએ છીએ તેને અમેરિકામાં "નવપ્રસ્થાન"સમારંભ Commencement Function કહે છે. સમારંભના નામમાં જ હવે પછી શું એ પ્રશ્નનો જવાબ આવી જાય છે. જવાબ છે: નવપ્રસ્થાન.

માતા કે પિતાની આંગળી ઝાલી બાળક જ્યારે બાળવર્ગમાં પ્રવેશ મેળવે છે ત્યારે તેના જીવનનો એક મહત્ત્વનો વળાંક તે ઓળંગે છે. અત્યાર સુધી કુટુમ્બને ઓળખતું અને કુટુમ્બની ઓથ પામતું બાળક શાળાએ જતું થાય છે ત્યારે સમાજને ઓળખતું થાય છે અને સાથે સાથે સમાજની ઓથ પણ મેળવતું જાય છે. શાળાનાં બાર વર્ષ પૂરાં કરે છે ત્યારે તે બાળક મટી યુવાન થવા લાગ્યો હોય છે અને સમાજના સંપર્કથી તે નવાં નવાં અરમાનો બાંધતો થાય છે.

શાળા શિક્ષણ પૂરું કરી જ્યારે તે કોલેજમાં આવે છે ત્યારે તેના જીવનને એક નવો મોડ મળે છે. શાળામાં રોજેરોજ ઘરકામ અપાતું, શિક્ષકો સામાન્ય રીતે ઝીણવટથી પુસ્તકના પાઠો સમજાવતા અને

વિદ્યાર્થીઓ તરીકે આપણે શિક્ષકની સીધી નિગરાની નીચે સહાધ્યાયીઓના સંગમાં અભ્યાસ કરતા હતા. કૉલેજમાં જતાંવેંત આ પદ્ધતિમાં ફેર આવે છે. અહીં રોજેરોજનાં લેસન અપાતાં નથી. શિક્ષક સાથેનો વ્યક્તિગત સંપર્ક ઘણો ઓછો થઈ જાય છે. શીખવવાની પદ્ધતિમાં પણ મોટો ફેર પડી જાય છે અને યુવાનોને ખ્યાલ આવવા લાગે છે કે કૉલેજના ઝંઝાવાતી જીવનમાં પ્રગતિ ચાલુ રાખવી હશે તો મારે મારી જાતે જ અભ્યાસ કરવો પડશે અને વાત સાચી છે. બાળપણમાં કુટુમ્બ અને સમાજની જે ઓથ (અથવા હૂંફ) તેને મળતી હતી તેની, હવે યુવાનીને ઉંબરે પહોંચતાં તેને જરૂર ન રહેવી જોઇએ. તેથી કૉલેજમાં તે "ઓથ" ધીરે ધીરે ઘટતી જાય છે, યુવાનને અન્ય પર આધાર રાખવો પડે તેને બદલે યુવાનને પોતા ઉપર આધાર રાખતો કરવો એ હેતુથી કૉલેજનું જીવન ઘડાયું છે.

આ રીતે જોતાં જ્યારે યુવાન યુનિવર્સિટીની પદવી પ્રાપ્ત કરે છે ત્યારે અન્ય-નિર્ભર રહેવાને બદલે તે મહદ્અંશે આત્મનિર્ભર થઈ ચૂક્યો હોય છે અને તેના જીવન-ઘડતરની સંસ્થાગત તાલીમનો તબક્કો પૂરો કરે છે તથા સંસારમાં એક પરિપક્વ સામાજિક એકમ તરીકે તે પ્રસ્થાન કરે છે. આમ આજનો આ સમારોહ જીવનની વીસી પાર કરી ગયેલાં યુવક-યુવતીઓને સંસારમાં પગ માંડતાં "શુભાસ્તે પન્થાનઃ" કહેવાનો સમારોહ હું ગણું છું.

તમને મનમાં એમ થશે કે સમાજનાં પરિપકવ અંગ તરીકે હવે અમે પ્રસ્થાન કરીએ છીએ એમ તમે કહો છો પણ અમારામાંના ઘણાને એમ લાગે છે કે અમે પ્રસ્થાન નથી કરતા પણ સમયના વહેણ સાથે સમાજમાં ધકેલાઈ જઇએ છીએ. તમારી આ વાતમાં તથ્ય છે અને તેથી જ શુભાસ્તે પન્થાનઃ જેવી શુભ કામનાની જરૂર પડે છે. યુનિવર્સિટીની પદવી લઇ સમાજમાં પ્રવેશતાં ઘણાં યુવક-યુવતીઓનો માર્ગ કાંટાળો કે કષ્ટમય છે એ વાત કેટલેક અંશે સાચી છે. આવું કેમ થાય છે તેનાં કારણો સમજીશું તો પછી જે પરિસ્થિતિ છે તેથી નિરાશ થવાને બદલે

પરિસ્થિતિને અનુરૂપ આપણી જાતને ગોઠવવાનો પ્રયત્ન કરીશું અને આપણા પન્થાનઃ(માર્ગો)ને નિષ્કંટક બનાવવાની આપણને જ સ્ફુરણા થશે. તો હવે આપણે એ કારણોની ચર્ચા કરીએ.

૨

સમાજ-વિકાસની નૈસર્ગિક પ્રક્રિયા તો ખૂબ સમય માગી લે છે. યુરોપ અમેરિકાના દેશોને આપણે વિકસિત દેશો કહીએ છીએ, કારણકે ત્યાંનો સમાજ આર્થિક, ઔદ્યોગિક અને શૈક્ષણિક રીતે ખૂબ જ વિકસિત છે. આ દેશો શરૂઆતમાં તો આપણા દેશ જેવી સામંતશાહી ખેતીપ્રધાન વ્યવસ્થા ધરાવતા હતા અને તે વ્યવસ્થામાંથી વિજ્ઞાનજન્ય ઉદ્યોગપ્રધાન વ્યવસ્થા સુધી પહોંચતાં તેમને સૈકાઓ લાગ્યા છે. ૧૯૪૭માં આઝાદ થયેલ ભારત સામંતશાહી ખેતીપ્રધાન વ્યવસ્થામાંથી, નૈસર્ગિક પ્રક્રિયાથી પૂર્ણ વિકસિત સમાજ બને તે માટે સૈકાઓ સુધી રાહ જોવાનું તો આપણને પોષાય નહિ અને તેથી આપણે ઝપાટાબંધ પ્રગતિના ટૂંકા માર્ગ વિચારવા રહ્યા.

હવે લાંબો સમય લેતી નૈસર્ગિક પ્રક્રિયામાં સામાજિક પ્રગતિ અને શૈક્ષણિક પ્રગતિ તાલમેલમાં ચાલે છે. સમાજની બદલાતી જતી જરૂરત પ્રમાણે આપોઆપ શિક્ષણ ગોઠવાય તે માટે પૂરતો સમય મળી રહે છે અને તેથી આવું શિક્ષણ પૂરું કરી લેતાં યુવક-યુવતીઓ માટે સમાજમાં ગોઠવાઇ જવું પ્રમાણમાં સરળ થઇ જાય છે. આની સરખામણીમાં આપણા દેશની વાત કરીએ તો નીચેના મુદ્દા તરત ધ્યાન પર આવશે.

(૧) નૈસર્ગિક પ્રક્રિયામાં લાગતા બે-અઢી સૈકાના ગાળાને બદલે આપણે પચાસ-સાઠ વર્ષના ગાળામાં વિકાસ સાધવો છે.

(૨) તેથી આપણે પ્રમાણમાં તેટલો જ ઝડપી શૈક્ષણિક વિકાસ સાધવો જોઇએ. હવે આર્થિક માંગ સંતોષવા કરતાં શિક્ષણની માંગ સંતોષવી પ્રમાણમાં સરળ છે એટલે સમાજ-વિકાસની ઝડપ કરતાં આપણું શિક્ષણ વધુ ઝડપે વિકસ્યું છે.

(૩) વળી સમાજ-વિકાસનાં સમીકરણો ગણિતની ચોકસાઈથી મૂકી શકાતાં નથી.

આ બધાંનું પરિણામ એ આવ્યું છે કે અત્યાર સુધીનાં વિકાસનાં ચાળીસ વર્ષોમાં શિક્ષણનો વિકાસ સમાજના વિકાસ સાથે તાલમાં નથી રહ્યો જેથી શિક્ષણ પૂરું કરતા આજના યુવાનને વ્યવસાય મેળવી સમાજમાં ગોઠવાઈ જવું સરળ થતું નથી અને સમાજમાં નવપ્રસ્થાનના પન્થો તેને સરળ લાગતા નથી.

સમાજની દૃષ્ટિએ તો આ વચગાળાની મુશ્કેલી છે : અર્ધવિકસિત અવસ્થામાંથી પૂર્ણ વિકસિત વ્યવસ્થા પ્રાપ્ત કરવાના પચાસ–સાઠ વર્ષના પરિવર્તનગાળાની આ સમસ્યા છે જે પરિવર્તન પૂર્ણ થતાં આપોઆપ સમી જશે. એ બધી વાત સાચી છતાં પરિવર્તનકાળ દરમિયાન તમારા જેવા યુવાનો માટે તે સમસ્યા કામચલાઉ નથી. તમારે તો તે સમસ્યાનો-શિક્ષણ પૂરું કરી સમાજમાં ગોઠવાઈ જવાની સમસ્યાનો સામનો કરવાનો જ છે. પણ આ પરિવર્તનકાળના પરિસ્થિતિમાંથી જ તમારાં નવપ્રસ્થાનની તકલીફો ઓછી કરવાના પણ સંયોગો ઊભા થાય છે તે હવે આપણે જોઈશું.

૩

નૈસર્ગિક પ્રક્રિયાથી પશ્ચિમના વિકસિત દેશોએ જે વિકાસ સાધ્યો છે તે તેમણે બસો-અઢીસો વર્ષના ગાળામાં હાંસલ કર્યો છે. જ્યારે ભારતમાં તેટલો જ વિકાસ પચાસ–સાઠ વર્ષના ગાળામાં હાંસલ કરી લેવાની આપણને ખેવના છે. હવે બસો–અઢીસો વર્ષનો ગાળો માનવીની ત્રણ પેઢી જેટલો ગાળો જ્યારે પચાસ–સાઠ વર્ષનો ગાળો તો માનવીની એક જ પેઢી જેટલો ગાળો થયો. એટલે આજે કોલેજ કે યુનિવર્સિટીમાં ભણતો વિદ્યાર્થી પાંત્રીસેક વર્ષ સુધી સમાજમાં પ્રવૃત્તિમય રહેવાનો છે અને આ પાંત્રીસ વર્ષમાં સમાજની ઘણી જ પ્રગતિ થશે તેવા ભરચક પ્રયત્નો થાય છે. તે જોતાં આજના ગ્રેજ્યુએટને ત્રીસ–પાંત્રીસ વર્ષ પછીના સમાજમાં ઉપયોગી થાય તેવું જ્ઞાન આજે આપવું જોઈએ

અને આવું અનાયાસે થઇ રહ્યું છે અને આપણા અભ્યાસક્રમો એવી રીતે ઘડાયા છે. આમ જુઓ તો આજના સમાજમાં જે જ્ઞાનનો સીધો ઉપયોગ થાય છે તેમાંનું ઘણુંખરું જ્ઞાન શાળાના બારમા ધોરણ સુધીમાં આપણે મેળવી લઇએ છીએ. કોલેજમાં મેળવેલું ઘણુંખરું જ્ઞાન પચીસ–ત્રીસ વર્ષની પ્રગતિ પછીના સમાજમાં વપરાય તેવું હોય છે.

આમ નવપ્રસ્થાન કરતી વખતે તમે જો આટલો ખ્યાલ રાખશો કે આજે જરૂરી જ્ઞાન ઉપરાંત વીસ-પચીસ વર્ષ પછી પણ ઉપયોગી થઈ શકે તેવા જ્ઞાન સાથે તમે સમાજમાં નવપ્રસ્થાન કરી રહ્યા છો તો તમારો આત્મવિશ્વાસ વધી જશે અને જે યુવાનમાં આત્મશ્રદ્ધા છે, હું પણ કાંઈક જાણું છું, કાંઈક કરી શકું એમ છું, કુટુમ્બને, સમાજને, દેશને ઉપયોગી થઈ શકું એમ છું એવી જેને ખુમારી છે તેને માટે અડધો જંગ જિતાઈ ગયો કહેવાય અને નવપ્રસ્થાન કરવામાં નડતી અડચણો તે હસતાં–રમતાં પાર કરી જશે એ નક્કી છે. શુભાસ્તે પન્થાન ના આશીર્વાદ પાછળ આવી કાંઇક ભાવના છે.

૪

આજથી પાંત્રીસેક વર્ષ પહેલાં એક ગુજરાતી દૈનિકના સાહિત્યના પાનામાં કવિ નાનાલાલ વિષે એક વાત વાંચી હતી. એક સમી-સાંજે કવિ તેમના એક મિત્ર સાથે હીંચકે બેસીને ગપાટા મારતા હતા. આ મિત્ર ઇન્કમટેક્સનો નિષ્ણાત હતો. વાતમાંથી વાત નીકળતાં પેલા મિત્રે પૂછ્યું, ‘કવિ, તમે તમારા ઇન્કમટેક્સનું ફોર્મ કઈ રીતે ભરો છો?’ પોતે કઈ રીતે ફોર્મ ભરતા હતા તે કવિએ બતાવ્યું. તો મિત્રે ફોર્મ ભરવાની જુદી રીત બતાવીને કહ્યું કે, તમો જો તમારી રીતે ફોર્મ ભરવાને બદલે આ નવી રીતે ફોર્મ ભરશો તો ઇન્કમટેક્સમાં ખાસ્સો એ-ચાર હજાર રૂપિયાનો ફેર પડી જશે. આ વાત સાંભળી કવિ થોડી વાર તો મૂંગા રહ્યા અને પછી મિત્રને કહ્યું, “તમે કહો છો તે રીતે ફોર્મ ભરું તો સરકારને કેટલું નુકસાન થાય?” પેલો મિત્ર તો ડઘાઈ ગયો–તેને મનમાં

થયું કે પોતાને કેટલો કાયદો થશે તેની વાતને બદલે સરકારને કેટલું નુકસાન થશે તેની ચિંતા શું કામ કરવી ? પણ તે કવિને બરાબર ઓળખતો હતો તેથી તેણે જવાબ આપ્યો કે તેથી સરકારને બે-ચાર હજાર રૂપિયાનું નુકસાન થાય. કવિ તરત જ બોલી ઊઠયા, તમે કહો છો તેમ ફોર્મ ભરવાથી સરકારને તો બે-ચાર હજારનું નુકસાન થશે પણ નાનાલાલને કેટલું નુકસાન થશે ? ટૂંકા સ્વાર્થ માટે નીતિનિયમોને કોરાણે મૂકીને વર્તન કરતી વખતે ઘડીભર રોકાઇ જાઓ અને વિચાર કરો કે આ વર્તનથી તમારી જાતને કેટલું નુકસાન થશે ? કવિના શબ્દો યાદ કરો, "પણ નાનાલાલને કેટલું નુકસાન થશે !"

૧૯૫૦-'૫૫ના ગાળામાં વાંચેલી આ વાત વિષે તો ત્યારપછી થોડા વખત સુધી જ્યારે જ્યારે યુવક-યુવતીઓને મળવાનું થાય ત્યારે આ 'નાનાલાલને કેટલું નુકસાન થાય'વાળી વાત કહેતો રહેલો. કાળક્રમે તે વાત લગભગ વીસરાઇ ગઈ પણ ૧૯૭૫-'૮૦ના ગાળામાં એક યુવાનનો એવો અનુભવ મને થયો કે આખી વાત તાજી થઈ.

અમેરિકા ભણવા ગયેલા એક વિદ્યાર્થી'નો મારા ઉપર પત્ર આવ્યો. આ વિદ્યાર્થી અમેરિકામાં Ph.D. થયો અને પીએચ.ડી. પછીનું સંશોધન Post - Doctoral research - કરતો હતો. આ રિસર્ચ માટે તો સારો એવો પગાર મળે છે. એથી બેન્ક પાસેથી લોન લઇ તે વિદ્યાર્થીએ એક નવી મોટરગાડી ખરીદી. પગારમાંથી દર મહિને લોનના હપ્તા તે નિયમિત ભરતો હતો. એક દિવસ તેની ઉપર બેન્કનો કાગળ આવ્યો. તેમાં લખ્યું હતું કે તમારી લોનના બધા હપ્તા ભરાઈ ચૂક્યા છે એટલે હવે ગાડી તમારી સંપૂર્ણ માલિકીની છે. Wish you best luck. પેલા વિદ્યાર્થીએ પોતાનો હિસાબ જોયો તો ખબર પડી કે લોનની સાતસો ડોલર જેટલી રકમ ભરવી તો હજી બાકી હતી. તેણે મિત્રોને વાત કરી. મિત્રો કહે— તારો હિસાબ ભૂલી જા, બેન્ક કહે છે કે કાંઇ લેણું રહેતું

નથી પછી લહેર કર અને નિરાંતે ગાડી ફેરવ. પેલો વિદ્યાર્થી મને પત્રમાં લખે છે 'પણ નાનાલાલને નુકસાન થાય તેનું શું ?' તેણે તરત જ બૅન્ક-મેનેજરને ફોન કર્યો અને પોતાના હિસાબની વાત કરી. મેનેજરને તપાસ કરતાં બૅન્કના હિસાબમાં ભૂલ માલૂમ પડી. ........

જે સમાજ-વિકાસની મેં આગળ વાત કરી છે તે વિકાસ સાથે કેટલીક એવી પરિસ્થિતિ સરજાય છે જે તમને તમારા નવપ્રસ્થાનમાં ટૂંકા રસ્તા લેવા લલચાવશે. આવે વખતે ઘડીભર રોકાઈને વિચારજો કે આમાં 'નાનાલાલને તો નુકસાન થતું નથીને ?'.

વાસુકી પ્રિન્ટિંગ પ્રેસ, ૯ જંકશન પ્લોટ, રાજકોટ ફોન : ૪૮૭૪૦